## ૬. હુકમનો અમલ મુલત્વી રાખવા બાબત અરજી.

## અમદાવાદના મે. મેટ્રોપોલિટન મેજિ. સાહેબની કોર્ટમાં,

## ક્રિમિનલ કેસ નંબર................./૦૮

*ફરિયાદી*

*વિ.*

*આરોપી :*

**અરજદાર : પાંજરાપોળ/પ્રાણી હક્ક સુરક્ષા કાર્યકર.**

**બાબતઃ હુકમનો અમલ મુલત્વી રાખવા બાબત અરજી.**

*આ કામે અમો અરજદારની આપના કોર્ટને નમ્ર વિનંતી છે કે :-*

૧. *ઉક્ત કામે અમો પાંજરાપોળને ના.કોર્ટે મૂળ હુકમથી જે પ્રાણીઓની કસ્ટડી આપેલ તે પ્રાણીઓ આરોપીને સોંપવાનો હુકમ કરેલ છે. સદર હુકમ વિરુદ્ધ અમોએ ઉચ્ચ કોર્ટમાં સ્પેશ્યલ ક્રિમિનલ અરજી અથવા તો રિવિઝન અરજી દાખલ કરવી જરૂરી છે, અને તે દાખલ કરવામાં સમય વીતે તેમ છે, કારણ કે ઉપલી કોર્ટમાં વકીલશ્રી નક્કી કરી, કેસ તૈયાર કરી ફાઈલ કરી સુનાવણી ઉપર મુકાવવા માટે લગભગ પંદર દિવસ થઈ જાય તેમ છે તેથી નીચે દર્શાવેલા ચુકાદાઓ અનુસાર આપ ના.કોર્ટનો હુકમ દિન-૨૧ માટે સ્ટે કરવાની જરૂર છે. જો સદર હુકમ સ્ટે કરવામાં ન આવે તો અમોને નાણાંથી ન ચૂકવી શકાય તેવું પારાવાર નુકસાન થાય તેમ છે.*
    ૧. *ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં. ૨૯૯૨/૯૬ તા. ૧૮-૩-૯૬ નિર્મલકુમાર શાંતિલાલ વિ. જામખાન ભૂપેન્દ્રખાન સિંધી*
    ૨. *ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં. ૯૮/૨૦૦૧ તા. ૮-૩-૨૦૦૧ દિલીપકુમાર રતિલાલ મહેતા વિ. ગુજરાત રાજ્ય*

૨. *ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત અને ઉપરોક્ત હકીકતો અને કારણો ધ્યાનમાં લઈ ના.કોર્ટે કરેલ હુકમ ૨૧ દિવસ માટે સ્ટે કરવા ન્યાયના હિતમાં હુકમ કરવા મે. કરશોજી.*

*અમદાવાદ.*